R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 20•ISSUE: 50 DATE: 10-12-2016•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to
સરનામામાં સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## દેશની તમામ બેન્કોને તેમની કામગીરીનું સીસીટીવી રેકોર્ડીંગ કરવા રીર્ઝવ બેન્કનો આદેશ

નોટબંધી પછી નવી નોટોની ગેરકાયદે અદલાબદલી અને હેરાફેરીની તેમજ મની લોન્ડરીંગની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે. આમાં દેશની અનેક બેન્કોના અધિકારીઓ અને કર્મચારીઓની સંડોવણી બહાર આવ્યા પછી રિર્ઝવ બેન્ક દ્વારા તમામ બેન્કોને તેના તમામ કામકાજનું સીસીટીવી રેકોર્ડીંગ કરવાનો આદેશ આપ્યો છે.નવી નોટોના સક્યુલેશન પર હવે બાજ નજર રાખવાનું આરબીઆઈએ નક્કી કર્યુ છે.કરન્સી ચેસ્ટમાંથી વિતરણ માટે કાઢવામાં આવનાર તમામ નવી નોટોના મુવમેન્ટને ટ્રેક કરવા આરબીઆઈએ ફરમાન કર્યુ છે.આમ તમામ બેન્કોએ હવે ૮ નવે.થી ૩૦ ડિસ.સુધીની તમામ કામગીરીનું સીસીટીવી રેકોર્ડીંગ કરવું પડશે અને જ્યારે માંગવામાં આવે ત્યારે તેને રજુ કરવું પડશે.

આરબીઆઈએ તમામ બેન્કોને આદેશ આપ્યો છે કે આવકવેરા વિભાગ દ્વારા તેમજ અન્ય એન્ફોર્સમેન્ટ એજન્સીઓ દ્વારા જપ્ત કરવામાં આવેલ તમામ નવી નોટોનો રેકોર્ડ રાખવામાં આવે. નોટોી ગેરકાયદે હેરાફેરીમાં મોટા જથ્થામો ઉંચા ચલણની નોટો જપ્ત કરાઇ હોવાથી આવું પગલું લેવામા આવ્યું છે.

## અરુણાચલ હાઇડ્રો પ્રોજેકટ કૌભાંડમાં કોગ્રેસે રિજીજુનું રાજીનામું માંગ્યુ

રુ.૪૫૦ કરોડના કથિત કૌભાંડના આરોપોમાં ભાજપાની કેન્દ્ર સરકારમાં રાજ્યકક્ષાના ગૃહપ્રધાન કિરણ રજીજુનુ રાજીનામું કોગ્રેસે માંગ્યુ હતું.કોગ્રેસે આ કૌભાંડના પુરાવા રુપે ઓડીયો ટેપ જાહેર કરી છે.કોગ્રેસના નેતા રણદીપસિંહ સુરજેવાલાએ પ્રેસ કોન્ફરન્સમાં આ કૌભાંડનો ભાંડો ફોડ્યો હતો.

કોગ્રેસે દાવો કર્યો હતો કે આ ઓડીયો ટેપમાં નોર્થ ઈસ્ટર્ન ઈલેક્ટિકલ પાવર કોરપોરેશન ના સેન્ટ્રલ વિજીલન્સ ઓફીસર અને રીજીજુના કથિત પિતરાઈ ભાઈ ગોબોઈ રિજીજુ અને રિજીજુ વચ્ચેની વાતચીતના અંશો છે.જેના પરથી એવું સાબિત થાય છે કે રિજીજુએ તેના કોન્ટ્રાકટર ભાઈને ફાયદો કરાવવા માટે પ્રધાનપદનો દુરપયોગ કર્યો છે.કોગ્રેસે દાવો કર્યો હતો કે અરુણાચલ સરકાર ઉથલાવવા માટેના પ્રયાસો સાથે આ પણ ટેપ સબંધ ધરાવે છે.કોગ્રેસે જાહેર કરેલી ટેપ ૨૮ મીનીટની છે તેના પરથી જણાયુ છે કે એક હાઈડ્રો પ્રોજેકટમાં રિજીજુના કહેવાતા પિતરાઈ ભાઈ ગોબોજી રિજીજુ સબ કોન્ટ્રાકટર છે. તેઓ આ પ્રોજેકટ માટે કપચી અને પથ્થરો સપ્લાય કરે છે.

ચીફ વિજીલન્સ ઓફિસરે તેમના અહેવાલની નકલો સીબીઆઈ,,સીવીસી,પાવર મંત્રાલયને મોકલી આપી છે.અને આ આખા પ્રોજેકટમાં સુનિયોજીત કાવતરુ યોજવામાં આવ્યુ હોવાનો આક્ષેપ કરવામાં આવ્યા છે.જેમાં પિષ્કોના અધિકારીઓ,વેસ્ટ કામેન્ગ જિલ્લાના અધિકારીઓની સંડોવણી હોવાના આક્ષેપો કરાયા છે.સીબીઆઈ દ્વારા આ મામલામાં બે વખત સરપ્રાઈઝ ચેકીંગ કરવામાં આવ્યુ છે છતાં હજી સુધી એફઆઈઆર દાખલ કરવામાં આવી નથી.વર્માએ તેમના અહેવાલમાં જણાવ્યુ હતું કે બોગસ બિલો બનાવીને પૈસાનું પેમેન્ટ લેવામાં આવતું હતું.પથ્થર લાવનાર અને લઈ જનાર વાહનોના નંબરો પણ ખોટા દર્શાવાયા છે.જે ટ્રકોનો ઉપયોગ કરાયો છેતેના નંબરો સ્કુટરોના અને બાઈકના નંબરો સાબિત થયા છે.પથ્થરો પાંચ કી.મી. દુરથી લવાતા હતા પરંતુ જ્યારે બિલો ૮૦ કી.મી. દુરથી લાવવાના બનાવાયા છે.આવી ગેરરીતીઓ કરીને કોન્ટ્રાકટરોને પૈસા ચુકવાયા છે.

## પાસપોર્ટમાં જન્મતારીખમાં ફેરફાર હવે સરળ બનશે

હવે પાસપોર્ટમાં સહેલાઈથી જન્મ તારીખમાં ફેરફાર કરી શકાશે.સરકારે ટ્રાવેલ ડોક્યુમેન્ટ જારી કરવાને લગતી સેવાઓ વધુ સરળ બનાવી દેવાનું નક્કી કર્યુ છે.હાલના નિયમમાં ફેરફાર કરીને સરકારે લગ્ન અને જન્મના માન્ય પુરાવા તરીકે ડીજીટલ હસ્તાક્ષર કરવામાં આવેલા લગ્ન્ સર્ટી. અને જન્મના સર્ટી.ને માન્ય રાખવાની મંજુરી આપી છે.વિદેશ મંત્રાલયે આ અંગે જરુરી નિર્દેશો જારી કર્યા છે.

સુધારેલી માર્ગદર્શિકા મુજબ, પાસપોર્ટ ઈશ્યુ કરતાં અધિકારીઓ પાસપોર્ટ જારી કર્યા બાદ તારીખ જતી રહી હોય છતાં કોઈ અરજદાર તેની જન્મતારીખમાં ફેરફાર કરવા ઈચ્છે તો તેની અરજી પર વિચારણા કરવા કહેવાયું છે.અગાઉની માર્ગરેખામાં પાસપોર્ટ જારી કરવાના પાંચ વર્ષમાં જન્મ તારીખમાં ફેરફારની વિનંતી સ્વીકારવામો આવતી હતી.અને એ પછીની સમગ્ર પ્રક્રિયા વિસ્તૃત અને ગુંચવાડા ભરેલી હતી.હવે આ મર્યાદા દુર કરી દેવાઈ છે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ
નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## નોટબંધી આ વર્ષનું સૌથી મોટું કૌભાંડ, તપાસ કરો : ચિદમ્બરમ

ભુતપુર્વ નાણાં મંત્રી પી.ચિદમ્બરમે કહ્યુ છે કે નોટબંધી આ વર્ષનું સૌથી મોટું કૌભાંડ છે અને તેની તપાસ કરવી જોઈએ. તે માટે વિશેષ તપાસ ટીમની રચના કરવી જોઈએ.સામાન્ય માનવી જરુરીયાતના નાણાં ઉપાડવા માટે સંઘર્ષ કરી રહ્યો છે ત્યારે કેટલાક લોકો ૨૦૦૦રુપીયાની કરન્સી નોટના બંડલ મેળવવામાં કઈ રીતે સફળ થઈ ગયા તે તપાસનો વિષય છે.

ચિદમ્બરમે કહ્યુ કે હું બે હજાર રુપીયાની એક નોટ પણ મેળવી શકતો નથી. પરંતુ દેશભરમાં દરોડા દરમિયાન ૨૦૦૦ રુપીયાના મુલ્યની કરોડો રુપીયાની નોટ કબજે કરવામાં આવી રહી છે. સરકારે આવકવેરા વિભાગને તપાસ કરવાનો આદેશ કર્યો છે.આ ખુબ મોટો ગુનો છે અને મા મામલે ક્રિમિનલ કેસની જેમ તપાસ કરવી જોઈએ.

નાગપુરમાં પત્રકારો સાથેની વાતચીતમાં ચિદમ્બરમે કહ્યુ હતું કે નોટબંધી આ વર્ષનું સૌથી મોટું કૌભાંડ છે. જેની વિસ્તૃત તપાસ થવી જોઈએ. બેન્કો પાસે પુરતી રોકડ જ નથી ત્યારે લોકોને સપ્તાહમાં ૨૪,૦૦૦ રુપીયા ઉપાડવાની મંજુરી આપવાના નિર્ણય પાછળ સરકારનો શું તર્ક છે તેવો પ્રશ્ન તેમણે કયો હતો.લોકો લાંબી લાઈનોમાં ઉભા રહેવા મજબુર છે.

ભુતપુર્વ વડાપ્રધાન મનમોહનસિંહે નોટબંધીને ઐતિહાસિક મેનેજમેન્ટ નિષ્ફળતા ગણાવી તેનું પણ તેમણે સમર્થન કર્યુ હતુ.

## નાઈજીરીયામાં ચર્ચની છત તુટી પડતાં ૧૬૦ વ્યક્તિઓના મોત

દક્ષિણ નાઈજીરીયામા એક ચર્ચની છત તુટી પડતાં ચર્ચમાં પ્રાર્થના માટે એકત્રિત થયેલા ૧૬૦ લોકોના મોત નિપજ્યા હતા.ચર્ચમાં ઉપસ્થિત લોકો પૈકી એક વ્યક્તિએ જણાવ્યુ હતું કે ઈબોમ રાજ્યના પાટનગર ઉંયોમાં આવેલા રિગ્નર્સ બાઈબલ ચર્ચ ઈન્ટરનેશનલ ચર્ચ નિર્માણધીન ચર્ચ હતું.ચર્ચના સંસ્થાપક અકાન વિક્સને બિશપની પદવીથી નવાજવામાં એક સમારંભનું આયોજન થવાનું હતું .છત માટે લગાવવામાં આવેલા લોખંડના ગડર નીચે ઉભેલા લોકો પર પડ્યા હતા ત્યારે ગર્વનર ઉદોમ ઈમાવ્યુઅલ પણ હાજર હતા.કાટમાળ દુર કરવાની કામગીરી ચાલી રહી છે તેને પગલે મૃત્યુઆંક વધી શકે છે.

## ખેતીની આવક પર ટેકસમા રાહત મેળવવા માટે તમામ રેકોર્ડ આપવા પડશે

નોટબંધી બાદ કેન્દ્ર સરકાર હવે ખેતીની રકમને પણ ભીંસમાં લેવા માટે તૈયારી કરી રહી છે.સરકારે હવે ખેતીની આવક ધરાવનારા અને રજુ કરનારા લોકોના તમામ દસ્તાવેજો તપાસસે.ખેતીની આવક ધરાવનારા લોકોએ ખેતી દરમિયાન ક્યા પાક લીધા અને કેટલા ભાવે અને કેટલો પાક વેચ્યો તે બધી જ માહિતી આપવી પડશે. ઈન્કમટેક્ષ વિભાગ હવે ખેડુતો પાસેથી ખાતર,બિયારણ વિગેરેના ખરીદીના બિલો અને મંડીમાં વેચાણ સુધીની તમામ માહીતિ મેળવશે.

સુત્રોના જણાવ્યા મુજબ ખેતીની આવક રજુ કરનારા લોકોએ આ આવકના તમામ દસ્તાવેજો પુરા પાડવા પડશે.એસેસીંગ ઓફીસર ખેતીની આવક રજુ કરનાર પાસેથી તેને સબંધિત વિગતો અને દસ્તાવેજો પણ માંગી શકે છે.સુત્રોના મતે ખેતીની આવકના નામે મોટાપાયે ટેક્સ ચોરી થિ રહી છે.આ ચોરી અટકાવવા માટે ખેતીની આવક ધરાવનારા લોકોએ તમામ પુરાવા રજુ કરવા પડશે.

સરકારે બેન્કોને સુચના આપી છે કેજે એકાઉન્ટમાં ૨.૫લાખથી વધુ રકમ જમા થઈ હોય તેની વિગતો સરકારને આપવી.જે વ્યક્તિઓએ આઈટી રીટર્ન ફાઈલ કર્યા નથી તેની પણ વિગતોની તપાસ સરકાર દ્વારા કરવામાં આવશે.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

તામિલનાડુના સર્વેસર્વા અમ્માના નિધનથી જાણે કે તામિલનાડુ અનાથ બની ગયુ હોય તેવો માહોલ ઉભો થયો છે.તામિલનાડુના મુખ્યમંત્રી જયલલિતાના અવસાન બાદ અનેક લોકો આઘાતમાં છે.ચેન્નાઇના અંદાજે ૪૦ ટકા લોકોને સાંત્વન અપાઇ રહ્યું છે.રાજ્યમાં સાત દિવસનો શોક છે.મોટાભાગના ધધા રોજગાર બંધ છે.ત્રણ દિવસથી નોકરીયાતોને રજા આપવામાં આવી રહી છે.આગામી ચાર દિવસોમાં પણ હૈદરાબાદની ટેક કંપની પોતાના કર્મચારીઓને રજા આપે તેવી શક્યતાઓ છે.પરિસ્થિતિ જોતાં એવુ લાગે છે કે જયા અમ્મા લોકોના હૃદયમાં રાજ કરતાં હતાં. જે આંકડાઓ બહાર આવી રહ્યા છે તે જોતાં અમ્માના નિધનથી કેટલાક લોકોએ પોતાના પ્રાણ ત્યજયા છે.

જયલલિતાના રાજકારણમાં થયેલા ઉદય અને રાજકીય વર્ચસ્વ વચ્ચે ઘણી બધી અફરાતફરી બની.સહુ પ્રથમ તો તેમણે એમજીઆરના વિધિવત રાજકીય વારસ બનવા ભારે પરિશ્રમ કર્યો.૧૯૯૧માં તેઓ મુખ્યમંત્રી બન્યા બાદ સમાજના નબળા વર્ગો,ગ્રામીણ ખેડુતો અને બિનસંગઠિત કાર્યકરોને અન્ન સબસીડી અને સામાજિક કલ્યાણ યોજનાઓ દ્વારા પોતાના પક્ષના પાયાને મજબુત કર્યો.આ યોજના થકી તેમની અમ્મા તરીકેની ઓળખ ઉભી થઇ.

તામિલનાડુની ગરીબ પ્રજા તેમને દેવનો અવતાર માનવા લાગી.ગરીબોની ભુખને તેમણે મીટાવી દીધી.ઠેર ઠેર સસ્તા દરે ખોરાક પુરા પાડતા સ્ટોલોએ તેમની રાજકીય સત્તાને ઓર મજબુત કરી આપી.જો કે જયલલિતાએ ૧૯૯૯માં લોકસભાનું વિસર્જન કરાવ્યુ.તેમની રાજકીય પરિપક્વતાએ દેશના મોટા બે પક્ષો કોંગ્રેસ અને ભાજપને તેમણે તેમના ઓશીયાળા બનાવી દીધા હતા.જો કે વિધાનસભા અને લોકસભાની ૨૦૧૪ની ચુંટણીઓ એકલે હાથે તેમણે જીતી બતાવીને પોતાનું સ્થાન મજબુત કરી નાંખ્યુ.પરંતુ કુદરતે કાળક્રમે તેઓ બિમાર પડ્યા અને હોસ્પીટલમાંથી અથાગ પ્રયત્નો છતાં બહાર આવી શક્યા નથી. બિમારી જીતી ગઇ અને આખરે અમ્મા હારી ગયા.પરંતુ લોકનો હૃદયમાં કાયમી જગા મુકતા ગયા.

## મંતવ્ય

નોટબંધીના કારણે સમગ્ર દેશમાં ભારે મુશ્કેલીઓનો લોકો સામનો કરી રહ્યા છે. એટીએમ અને બન્કોમાં કતારો લાગેલી છે. નોટોની અછત લોકોને પીડી રહી છે. સરકાર મોટી મોટી પરંતુ ખોટી જાહેરાતો આપીને લોકોને પોતાની ભુલ ઢાંકવા માટે મજબુર કરી રહી છે.સરકારની માન્યતા છે કે અન્ય એવી જાહેરાતો પાછળ લોકોને ભરમાવો, કેશલેસ ઇકોનોમી, કે પ્લાસ્ટીક ચલણ,કાર્ડોનો ઉપયોગ વિગેરે સુચનો કરવા પાછળનો ઉદ્દેશ સરકારે કરેલી ભયંકર ભુલને છુપાવવી છે. કાળા નાંણા લોકોએ ધોળા કરી દીધા છે.કતારોમાં માંડ બે હજાર મળે છે પરંતુ લોકો લાખો અને કરોડોની નવી નોટો જમાવી લીધી છે. કોના માટે આ નિર્ણય લેવાયો છે તે પ્રજાને ખબર પડતી નથી. પ્રજા મુંઝાઇ ગઇ છે.ફરીથી એકવાર પ્રજાને મુરખ બનાવવાનો કીમીયો કારાગત નિવડી જાય તેવુ લાગે છે કારણકે ખોટો પ્રચાર જોરશોરથી ચાલી રહ્યો છે

★ નીલા ફાઇનાન્સ ★
આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
નીલા સી.ગામડીયા
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦
વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.
આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી
સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

## પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીનો જાન લેવા કાવતરુ બાબતે સંસદમાં તુણમુલ સાંસદોનો હંગામો

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીને લઇને જઇ રહેલા ઇન્ડીગો એરલાઇન્સના વિમાનને તેની ટાંકીમાં ઇંધણ ઓછુ હોવા છતાં મોડેથી લેન્ડીગની પરવાનગી અપાઇ હતી.તુણમુલ કોંગ્રેસના સાંસદોએ આ મુદ્દે સંસદમાં ભારે હોબાળો મચાવ્યો હતો અને મમતાનો જીવ લેવા કાવતરુ રચાયું હોવાનો આક્ષેપ કર્યો હતો.

કોલકત્તાના નેતાજી સુભાષચંદ્ર બોઝ ઇન્ટરનેશનલ એરપોર્ટ પર વિમાન લેન્ડ કરતાં પહેલા તેને અડધો કલાક સુધી આકાશમાં ચક્કર મારવા પડયા હતા. તુણમુલ કોંગ્રેસ આક્ષેપ કર્યો હતો કે વિમાનમાં ઓછુ ઇંધણ હોવાની જાણ છતાં તેને લેન્ડીંગ માટેની પરવાનગી આપવામાં આવી નહોતી.આમ પક્ષના સુપ્રીમો મમતા બેનરજીને મારી નાંખવા માટે કાવતરુ ઘડવામાં આવ્યુ હતું.

લોકસભામાં તુણમુલ કોંગ્રેસના હંગામાને કોંગ્રેસે સાથ આપ્યો હતો.કોંગ્રેસના મલ્લિકાર્જુન ખડગેએ કહ્યુ હતું કે તે વિમાનમાં ઇંધણ ઓછું છે તેવી જાણ થયા પછી એર ટ્રાફિક કન્ટ્રોલની એ જવાબદારી છે કે તેને જલદી લેન્ડીગની પરવાનગી આપવામાં આવે.

ખડગેના કહેવા મુજબ મમતાના જીવને ખતરો હતો.આ પહેલા રાજ્યમાં સૈન્ય ગોઠવી દેવા બાબતે મમતા બેનરજીએ વડાપ્રધાનને સરમુખ્યતારશાહી થોપવાનો આરોપ લગાવતા કહ્યુ હતું કે મોદીની રીત તેઓ ચાલવા દેશે નહીં.તેમણે મોદી સામે પડકાર કર્યો ફેક્યો હતો અને રાજકીય યુધ્ધના નગારા વગાડી દીધા હતા.

પશ્ચિમ બંગાળમાં ટોલ પ્લાઝા ખાતે સેનાના જવાનો તહેનાત કરી દેવાના મુદ્દે મમત બેનરજી અને કેન્દ્ર સરકાર વચ્ચે ગજગ્રાહ શરુ થયો હતો.રાજ્યમાં પોતાની સરકારને ઉથલાવી દેવા માટે કાવતરુ થયુ હોવાનો આરોપ મમતાએ મુક્યો હતો.

તેમજ આ મુદ્દે કેન્દ્ર સામે કાયદાકીય પગલાંની ચીમકી ઉચ્ચારી હતી.મમતા આર્મીની તૈનાતીના વિરોધમાં રાજ્ય સચિવાલયમાં બેસી રહ્યા હતા.૩૬ કલાકનો સમય તેમણે સચિવાલયમાં વ્યથિત કર્યો હતો.તેમણે કહ્યુ હતું કે લોકતંત્રની સુરક્ષા માટે હું સચિવાલયમાં જ રહીશ.તેમણે સવાલ કર્યો હતો કે આ લશ્કરી તખ્ત પલટો છે કે શું ?

પરિણામ સ્વરુપ જે કાંઇ બીના બની રહી છે તેને જાન લેવા કાવતરાનો સરકારનો ઇરાદો છે એમ જણાવીને સંસદમાં તુણમુલ કોંગ્રેસના સાંસદોએ હંગામો મચાવ્યો હતો.

## નોટબંધીની ઘોષણા બાદ આતંકી હુમલામાં વધારો કેમ થયો છે : સામનામાં શિવસેનાનો કેન્દ્રને સવાલ

મહારાષ્ટ્રમાં સત્તારુઢ ભાજપના સાથી પક્ષ શિવસેનાએ તેના મુખપત્ર સામનાના સંપાદકીયમાં લખ્યુ હતું કે રુ ૫૦૦ અને રૂ૧૦૦૦ની નોટો બંધ કરીને સરકારે કહ્યુ હતું કે આ કદમથી આતંકવાદીઓની કમર તુટી જશે કેમકે તેઓ આતંકીઓની પ્રવૃતિઓ કરવા માટે મોટી નોટો પર વધુ નિર્ભર રહેતા હોય છે.જો આ સાચુ જ હોય તો આઠ નવેમ્બર પછી આતંકવાદી હુમલા શા માટે વધી ગયા ?સરહદ પર સૈનિકોની શહાદત પર કેન્દ્રને વારંવાર આડે હાથ લેતા શિવસેનાએ ભાજપને આ બાબતે પણ સવાલો પુછવામાં પાછી પાની કરી નથી.સંપાદકીયમાં લખાયું છે કે સિનેમાઘરોમાં રાષ્ટ્રગાનનું સન્માન કરવામાં આવશે પણ સવાલ એ છે કે શું આપણા સૈનિકોની જીંદગી માટે કોઇ સન્માન બચ્યુ છે ? સરહદ પર આપણા જવાનો રોજ મરી રહ્યા છે. જો એ ન અટકે તો દેશની સુરક્ષા તૈયારીઓ પર પ્રશ્નાર્થ લાગી જશે.સંરક્ષણ મંત્રી મનોહર પારિકરે અગાઉ કહ્યુ હતું કે તેમના મંત્રાલયને પાક.થી ફોન આવ્યો હતો કે ભારત ગોળીબાર બંધ કરી દે. જેના અંગે શિવસેનાએ કહ્યુ હતું કે મંત્રીએ એવો આભાર કરાવ્યોકે પડોશી દેશ ઝુકી ગયો છે પણ પારિકર પોતાનું નિવેદન પુરુ કરે તે પહેલાં જ પાકિસ્તાને ભારતીય શિબિરો પર હુમલો કરી દીધો છે.

## કાયદેસર સોનું રાખવાની મર્યાદાના સરકારના ખુલાસાથી લોકોમાં ભારે ખળભળાટ મચ્યો છે

સરકારે ઇન્કમટેક્ષ કાયદામાં સુધારા જાહેર કર્યા તેના કારણે લોકોમાં ગભરાટ ફેલાયો છે.હવે સરકાર સોના પર પણ ટેક્સ લાગુ કરશે અને ઘરમાં રાખેલું સોનુ પણ મર્યાદિત પ્રમાણમાં જ રાખી શકાશે.લોકોમાં આ ગભરાટ દુર કરવા માટે નાણાં મંત્રાલયે આ સ્પષ્ટતા કરી હતી કે નોટબંધીના નિર્ણય બાદ લોકોએ કાળુ નાણું સફેદ કરવા માટે આડેધડ અને ખુબજ ઉંચા ભાવે સોનું ખરીદવા માંડયું હતુ. આવા લોકો પર નજર રાખવા માટે નવો નિર્ણય લેવાયો હતો.

જાહેર કરેલી આવકના સ્ત્રોત દ્વારા ખરીદાયેલા સોનાના દાગીના પર કોઇ જ ટેકસ લાગુ થશે નહીં અને તેના પર કોઇ મર્યાદા પણ નથી.ચોક્કસ મર્યાદામાં સોનું હશે અને તે આવક સાથે મેળ ખાતુ નહી હોય તો પણ તે સોનું જપ્ત નહી કરવામાં આવે.સરકારે સ્પષ્ટતા કરતાં કહ્યુ હતું કે સર્ચ ઓપરેશન દરમિયાન પરિણીત મહિલા પાસે ૫૦૦ ગ્રામ સુધીના સોનાના દાગીના, અપરિણિત યુવતી કે મહિલા પાસે ૨૫૦ ગ્રામ સોનાના દાગીના અને પુરુષ સભ્ય પાસે ૧૦૦ ગ્રામ સુધીના સોનાના દાગીના હશે તો તે જપ્ત કરવામાં આવશે નહીં.તેમજ તેનો હિસાબ માંગવામાં આવશે નહીં. આ મર્યાદાથી વધારે સોનું હશે તો પણ તમારે ચિંતા કરવાની નથી. તમારી પાસે આવકના સ્ત્રોત મુજબ તેની ખરીદી થયેલી હોવી જોઇએ અને તેના માન્ય પુરાવા સાથે હિસાબ આપવો જરુરી છે.આ સરકારે સોના માટે પણ પોતાની સ્પષ્ટતા કરી હોવાથી લોકોને હજુ દહેશત છે કે સરકાર ક્યારે શું કરે તે નક્કી નથી

## દિલ્હી હાઇકોર્ટે ૩૪૪ ફિક્સ્ડ ડોઝ કોમ્બિનેશન દવાઓ પરના કેન્દ્ર સરકારે મુકેલા પ્રતિબંધને રદ કરતાં કહ્યુ કે સરકારે લીધેલો આ નિર્ણય આડેધડ લેવાયો હતો

કેન્દ્ર સરકારે માર્ચમાં જાહેરનામુ બહાર પાડીને કોરેક્સ કફ સીરપ,વિક્સ એક્શન ૫૦૦ એક્સ્ટ્રા જેવી બ્રાન્ડ અને અનેક એન્ટી ડાયાબીટીસ દવાઓ મળીને કુલ ૩૪૪ દવાના વેચાણ પર પ્રતિબંધ મુકી દીધો હતો.દિલ્હી હાઇકોર્ટે આ ૩૪૪ દવાઓ પર પ્રતિબંધ મુકવાના કેન્દ્રના નિર્ણયને રદ કરી દીધો હતો અને જણાવ્યુ હતું કે સરકારે આ નિર્ણય આડેધડ લીધો હતો.ફાઇઝર,ગ્લેનમાર્ક,પ્રોક્ટર એન્ડ ગમ્બલ, અને સિપ્લા જેવી વિવિધ ફાર્મા અને હેલ્થકેર કંપનીઓએ કેન્દ્રના આ નિર્ણય સામે અરજી કરી હતી.કુલ ૪૫૪ અરજીઓ હાઇકોર્ટ સમક્ષ આવી હતી. જે અંગે જસ્ટીસ રાજીવ સહાયે કહ્યુ હતું કે કેન્દ્રએ ડ્રગ્સ એન્ડ કોસમેટીક એક્ટમાં જરુરી પ્રક્રિયા વગરજ આ નિર્ણય લઇ લીધો હતો.કેન્દ્રએ ૧૦ માર્ચના રોજ જાહેરનામું બહાર પાડ્યા બાદ કોર્ટે ૧૪ માર્ચે કેન્દ્રના આ નિર્ણયના અમલ પર સ્ટે મુકી દીધો હતો.ત્યારે બાદ કોર્ટે તાજેતરમા કેસ ચાલતાં કહ્યુ હતું કે જે પ્રકારે નિર્ણય લેવાયો તેની તાત્કાલિક કોઇ જરુરીયાત હોય તેવું જણાયું નથી

## જે માણસને કોઇપણ પ્રકારની લાજ નડતી ન હોય, એને બીજી કોઇ પરવા કરવાની હોય ?

પોતાનો સ્વાર્થ આવે ત્યાં માણસ બીજું કશું જ જોઈ શકતો નથી.સ્વાર્થ આગળ સૌ આંધળું કહેવાયું છે.તે સાચું છે.આપણે જે અનુમાન કરીએ છીએ એના બે પ્રકાર છે : સ્વાર્થ અને પરાર્થ. જે બીજાનો વિચાર કરે છે,પછી પોતાનો કરે એ પરાર્થ છે. માણસનો સ્વભાવ જ એવો છે કે પ્રથમ પોતાનું પેટ,પછી બીજું બધું.પોતાનો લાભ જતો કરીને બીજાને અપાવવાનો વિચાર માણસ ક્યારે કરતો નથી.

સ્વાર્થ ત્યાગ કરવો એ તો લોઢાના ચણા ચાવવા બરાબર છે.સ્વાર્થ વિના સેવા કરનારા કેટલા ? ગાંધીજીએ કહ્યું છે કે સ્વાર્થ તો સૌમાં ઓછોવત્તો હોય, પણ આપણામાં તે વધારે પ્રમાણમાં જોવા મળે છે.મોટાભાગના લોકો સ્વાર્થપટુ હોય છે.

પોતાનો સ્વાર્થ સાધવામાં ઘણા હોશિયાર હોય છે.સ્વાર્થની બાબતની ચાલાકી પણ તમે જોઈ શકો છો,છતાં એમને કોઈ જ શરમ નડતી નથી.માત્ર ગરજુ,આપમતલબ જ હોય છે એ તો પોતાના સ્વાર્થમાં રચ્યાપચ્યા રહેતા હોય છે.પોતાનું કામ પાર પડે,પોતાને કેવી રીતે મજા આવે અથવા કંઈક વળતર મળે એટલો ઉદેશ એમનો હોય છે.પોતાનું અને બીજાનું હિત પાર પડે એવું નહી,માત્ર મારુ કામ થાય,મને જ લાભ મળે.સાર્વજનિક કામને પોતાના ખાનગી લાભમાં કેવી રીતે ફેરવી નાંખવો એની જ ફિરાકમાં ફરનારા લોકોનો તોટો નથી.માત્ર ને માત્ર પોતાનું અને પોતાના કુટુંબનું ભલુ કરવાની વૃત્તિવાળા લોકોની વણઝાર વધતી જાય છે.

રાષ્ટ્ર,રાજ્ય કે ગામ-નગરનું જે થવાનુ હોય તે થાય, મારુ થવું જ જોઈએ. આ પ્રકારની વૃત્તિ આજે બળવત્તર બનતી જાય છે. તકસાધુઓની લાઈન લાગી છે.એના કારણે જ આજે જાહેર જીવનનો ગ્રાફ નિમ્ન સ્તર સુધી આવી ગયો છે.પોતાના જ હિતમાં મગ્ન રહેનારાઓનો તોટો નથી.

મારા ઘરનો કચરો પાડોશીના આંગણામાં નાંખતા મને કોઈ સંકોચ થતો નથી.પોતાના સ્વાર્થને કારણે માણસ કોઈપણ પ્રકારનું પાપ કરતાં અચકાતો નથી.સમાજમાં કેટલાક પરોપકારી અને નિઃસ્વાર્થી માણસો હોય છે.પણ એય કેટલા ?આજે તો ચારે બાજુ સ્વાર્થની નદીઓમાં ઘોડાપુર ઊમટ્યા છે.સ્વાર્થના દરિયા ઘુઘવે છે.

જે માણસને કોઈપણ પ્રકારની લાજ નડતી ન હોય, એને બીજી કોઈ પરવા કરવાની હોય ?લાજ વગરના માણસો જ સ્વાર્થ સાધક હોય છે. જેને માત્ર સ્વાર્થ સિવાય કંઈ દેખાતું નથી.એને સ્વમાન કેવું ?જે માણસ સ્વાર્થ સિવાય કશું જ જોઈ શકતો ના હોય, એ માણસ, જ્યારે સ્વાર્થ પુરો થાય ત્યારે તે દુર થઈ જતો હોય છે.સ્વાર્થ તો દુઝણી ગાય જેવો હોય છે.જ્યાં સુધી દુધ મળે ત્યાં સુધી એનું લાલન-પાલન કરવામાં આવે, વસુકી ગયા પછી ધકેલી મુકવાની. કોઈપણ સબંધની પાછળ સ્વાર્થ ઊભો જ હોય છે.સ્વાર્થ વિના પ્રિતિ હોતી નથી.કોઈ સ્વાર્થ વિનાનું હોય એ શક્ય નથી.જેને કશો જ સ્વાર્થ નથી એવો પુરુષ સંત-મહંત હોઈ શકે.આજના બાબાઓ જેવો નહીં.

સામાન્ય માણસ પોતાના સ્વાર્થને સાચવીને પણ પરોપકાર કરતાં રહે છે.જે પોતાના સ્વાર્થ માટે બીજાઓનું કામ બગાડે છે એ મનુષ્યો રાક્ષસ સમાન છે.પણ જે નિરર્થક બીજાઓનું કામ બગાડે છે એને શું કહેવાય, આપણે જાણતા નથી.કેટલાક લોકો એવા હોય છે કે જે કારણ વગર બીજાઓનું બગાડતા હોય છે.એવા લોકો રાક્ષસ કરતાં પણ નિમ્ન કોટિમાં આવે છે.કેટલાક એવા પણ હોય છે કે પોતાના કામના બદલામાં જે કંઈ મેળવવાનું હોય એ મળી ગયા પછી પોતાના હાથ પરનું કામ પુરુ કરતાં નથી.કારણકે પોતાનો સ્વાર્થ પતી ગયો છે.જેને પોતાનો સ્વાર્થ સિધ્ધ થઈ જાય,જેના કામો પુરાં થયા નથી, એ મિત્રોના સહાયક નથી હોતા.એના કાર્યોને સિધ્ધ કરવાની ચેષ્ટા કરતા નથી, એવા નમકહરામ પુરુષોના મડદાને માંસાહારી જંતુઓ પણ એનું માંસ ખાતા નથી.જેને પોતાનો સ્વાર્થ જ મહત્વનો છે, એવા લોકોને આ ધરતી પર જીવવાનો કોઈ અધિકાર નથી એવું કોઈએ કહ્યું છે.

ડો.કિશોરસિંહ સોલંકી
(સૌ.સંદેશ)

## કોગ્રેસે સરકાર પર વાર કરતાં કહ્યુ કે દાકતરી જ્ઞાનથી અને ઠેર ઠેર સર્જીકલ સ્ટ્રાઇક કરવા નીકળ્યા છે

દેશના ચલણમાંથી રૂા.૫૦૦ અને ૧૦૦૦ની નોટો રદ કરવાની સરકારની જાહેરાત સામે વિરોધ પક્ષોએ દેકારો બોલાવ્યો હતો. કોગ્રેસના આનંદ શર્માએ કહ્યુ હતું કે દુનિયામાં સંદેશો ગયો છે કે ભારતનુ અર્થતંત્ર અપરાધી અને કાળાબજારીયાઓ ચલાવે છે. વડાપ્રધાન જાતે કહે છે કે મારી હત્યા થઈ શકે છે તો જણાવે કે તેમને કોણ મારવા ઈચ્છે છે. જ્યારે વિરોધ પક્ષના સામ્યવાદી નેતા સીતારા યેચુરીએ કહ્યુ હતું કે ભૌગોલિક રીતે ૯૩ ટકા ગ્રામીણ ભારતમાં બેન્કો નથી અને તમે પ્લાસ્ટીક મનીની વાતો કરી રહ્યા છો.જયારે બસપાના સૂપ્રીમો માયાવતી કહ્યુ હતું કે છેલ્લા ૧૦ મહિનામાં વડાપ્રધાન મોદીએ પોતાની પાર્ટી,શેઠીયા,મુડીપતિઓ અને પોતાના ચહિતાઓના નાણાં ઠેકાણે કર્યા છે.જયારે સપાના રામગોપાલ વર્મા જણાવે છે કે જ્યારે યુપીમાં ગામડાઓમાં ભાજપ મત માંગવા જશે ત્યારે મહિલાઓ તેમને વેલણથી ધીબી નાંખશે.જયારે કોગ્રેસના દિગ્વિજયસિંહે કહ્યુ હતું કે વૈકૈયા નાયડુ સ્વરુપે નવો ગોબેલ્સ આવી પહોચ્યો છે.

સંસદનું શિયાળુ સત્ર ચાલુ થયું અને ધારણા પ્રમાણે ચલણમાંથી મોટી નોટો રદ કરવાના મામલે વિરોધપક્ષોએ સંસદ ગજાવી મુકી.સરકારના આ નિર્ણયથી વિરોધ પક્ષોમાં એકમતી સધાઈ જેના કારણે સરકારે બંને ગૃહોમાં ચર્ચા કરવાની અપીલો કરી પરંતુ તે નિરર્થક નીવડી.કોગ્રેસે નોટબંધીને કારણે આમ આદમીને પડેલી મુશ્કેલીઓના મુદ્દે ભારે હોબાળો મચાવ્યો હતો.

રાજયસભામાં ચર્ચામાં ભાગ લેતાં આનંદ શર્માએ કેન્દ્ર સરકાર પર ઉગ્ર પ્રહારો કર્યા હતા.જેમાં તેમણે સરકાર પર આરોપ મુક્યો હતો કે સરકારના ૫૦૦ અને ૧૦૦૦ની ચલણમાં ની નોટો રદ કરવાને કારણે દુનિયામાં એવો સંદેશો ગયો છે કે ભારતનું અર્થતંત્ર અપરાધી અને કાળા બજારીયાઓ ચલાવે છે.આ નાદિરશાહી સરકાર છે.ડોકટરી અભ્યાસ વગર જ સર્જન બની ગઈ છે.દરેક મામલામાં સર્જીકલ સ્ટ્રાઈક કરી રહી છે.શર્માએ કહ્યુ હતું કે વડાપ્રધાને ગાજીપુરમાં એવું કહ્યુ હતું કે મારા જીવ પર જોખમ છે, મે ત્યાગ કર્યો છે.તેથી ગૃહમંત્રી જણાવે કે એવું કોણ છે કે જે વડાપ્રધાનની હત્યા કરવા માંગે છે.આ તેમણે જણાવવું પડશે કે તેમને કોણ મારવા માંગે છે.મોદી માત્ર ભાજપના વડાપ્રધાન નથી તેઓ દેશના વડાપ્રધાન છે તેથી અમે પણ ચિંતા કરીએ છીએ.ગાજીપુરમાં મોદીએ પુર્વના તમામ વડાપ્રધાનોને અપમાનિત કર્યા છે.લોકો પોતાના નાંણા માટે ભીખ માંગી રહ્યા છે આ તે કેવું કાળું ધન બહાર લાવવામાં આવી રહ્યું છે ?

સરકાર તરફથી કેન્દ્રીય ઉર્જામંત્રી પિયુષ ગોયલે જણાવ્યુ હતું કે દેશમાં પહેલી વાર ઈમાનદારનું સન્માન અને બેઈમાનને નુકશાન થયું છે.જનતાની આશા પર વડાપ્રધાન ખરા ઉતર્યા છે.દેશની જનતાને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે પરંતુ તે તૈયાર છે.

ભારતમાં પ્રથમ મેડીકલ કોલેજ એસ્કોલા મેડીકા ગોવામાં સ્થાપવામાં આવી હતી.

કોમ્પ્યુટરના માઈક્રો સરકીટ, ફાઉન્ટન પેન, ઘડીયાળો, કોશ્યુમ અને ઈલેક્ટ્રોનીક ઉદ્યોગોમાં એક હજાર ટનથી વધારે સોનું વપરાય છે.એકલું જાપાન ઈલેક્ટ્રોનિક્સ ઉદ્યોગમાં બસો એસી ટન સોનું વાપરે છે.

## સીબીઆઇના નવા ડિરેક્ટર પદે ગુજરાત કેડરના આઇપીએસ રાકેશ અસ્થાનાની ઇનચાર્જ ડાયરેક્ટર તરીકે નિમણુંક

ગુજરાત કેડરની ૧૯૮૪ની બેચના આઈપીએસ અધિકારી રાકેશ અસ્થાના સીબીઆઈના ઈનચાર્જ ડાયરેકટર બનશે. વર્તમાન ડાયરેકટર અનિલ સિંહા નિવૃત્ત થયા પછી તેઓ ચાર્જ સંભાળી લેશે.તેમના પછીથી સીબીઆઈમાં અસ્થાના જ સૌથી સિનિયર છે જેઓ હાલમાં એડિશનલ ડાયરેકટર તરીકે સીબીઆઈના વડામથકે ફરજ બજાવે છે.મહત્વના કેસ ઉકેલવામાં રચાયેલી એસઆઈટીના તેઓ વડા પણ છે.ગુજરાતમાં આશારામ આણિ કંપની વિરુધ્ધની તપાસમાં તેઓએ મહત્વની કામગીરી બજાવી હતી.

ગુજરાત કેડરના આઈપીએસ રાકેશ અસ્થાના સીબીઆઈનો બહોળો અનુભવ ધરાવે છે.સીબીઆઈ એસપી તરીકે તેઓએ લાલુપ્રસાદ યાદવનું ચારા કૌભાંડ પકડી પાડ્યુ હતું.વડોદરા અને સુરતમાં પોલીસ કમિશ્નર તરીકે લાંબો સમય ફરજ બજાવી આશારામ બાપુ,નારાયણ સાંઈ જેવા ચમરબંધીઓને જેલ ભેગા કરીને તેમની કરોડોની લાંચની ઓફર હુકરાવી હતી.ગોધરાકાંડ વખતે સાબરમતી ટ્રેન સળગાવવાના મામલામાં પાકિસ્તાની જાસુસી સંસ્થા આઈએસઆઈનું કાવતરુ હોવાના પુરાવા તેમણે શોધ્યા હતા. સીબીઆઈના સ્પેશીયલ ડાયરેકટર તરીકે હાલમાં આર.કે.દત્તા ફરજ બજાવે છે.તેમને ગૃહ મંત્રાલયમાં સ્પેશીયલ સેક્રેટરી તરીકે મહત્વની કામગીરી સુપ્રત કરી આસ્થાનાનો માર્ગ મોકળો કરાયો છે. ગુજરાત કેડરના ૧૯૮૪ બેન્ચના આઈપીએસ અસ્થાના ૧૯૯૨થી ૨૦૦૨ સુધી સીબીઆઈની પ્રતિનિયુક્તી પર હતા.જેઓ વડાપ્રધાન મોદીની ગુડબુકમાં હતા તેમને યોગ્ય સ્થાનો પર ગોઠવવામાં આવ્યા છે જેથી તેમની પાસેથી અનુભવી કામગીરી લઈ શકાય.

ભુતકાળમાં સીબીઆઈની ઝપટમાં આવેલા ગુજરાતના કેટલાક સક્ષમ અધિકારીઓને પણ યોગ્ય તપાસ દ્વારા કાયદાકીય ચુંગાલમાથી છોડાવી શકાય.

## નોટબંધી બાદ રોજબરોજ જાહેર થતા આદેશો બેન્કો સુધી પહોચતા નથી જેને કારણે સામાન્ય લોકોને ભારે હાલાકીનો ભોગ બનવું પડે છે

ભારતીય રિઝર્વ બેન્ક અને અન્ય વ્યાપારી બેન્કોની બ્રાંચો ચલણી નોટો બદલવા માટે ગ્રાહકો માટે જુદા જૂદા નિયમો અને બહાનાઓ રોજ વહેતા મુકે છે.પરિણામે લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. સહુ પ્રથમ કોઈપણ જાતના આઈડી પ્રુફની વાત જાહેર થઈ. ત્યાર બાદ બેન્કોએ સુર બદલીને ઓરીજીનલ પ્રુફ સાથે ઝેરોક્ષ કોપી અને નોટોના નંબર લખી લાવવાનો ફતવો જાહેર કર્યો. ત્યાર બાદ અમુક રુપીયા જ અપાશે અને ત્યારબાદ તેમાં રોજબરોજ વધારો ઘટાડો થતો રહ્યો.આ સરકાર અને રીઝર્વ બેન્કની વ્યવસ્થા તંત્રીની ખામીઓ છે તે દેખાઈ આવી.પરિણામે દેશના લાખો લોકોએ ભારે મુશ્કેલીઓ અનુભવી અને આ મુશ્કેલીઓ જેઓ જીરવી શક્યા નહી તેઓના મૃત્યુ થયા.નોટો બદલવા માટે ઉભી થયેલી કેટલીક ગેરસમજો જેની કોઈ સીમા નથી.સરકારે જો નોટો બદલવી જ હતી તો તેના માટે તેમણે પુર્વ તૈયારીઓ કરવી હતી.અચ્છે દિનની વાત કરીને વડાપ્રધાને દેશની જનતાને ભારે મુશ્કેલ પરિસ્થિતિમાં મુકી દીધી છે.એક બાજુ મોઘવારી માઝા મુકી રહી હતી અને લોકો ભારે મુસીબતોનો સામનો કરી રહ્યા હતા. હવે ચલણના કારણે બીજી ભારે મુસ્કેલીઓનો સામનો કરી રહ્યા છે.જો દેશની જનતાઓ બધી જ સમસ્યાઓનો સામનો કરવાનો હોય તો જે નેતાઓને પ્રજાએ ચુંટીને મોકલી આપ્યા છે તેમનુ શું કરીશું. તેમને કોઈ તકલીફ નથી.મોટા લોન લેનારાઓના લેણાં માફ કરીને પ્રજાના પૈસા બરબાદ કર્યા છે.હવે વકીલની ભાષામાં નાણાં મંત્રી જવાબ આપી રહ્યા છે કે દેવું માફ કોને કહેવાય

AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

# નોટબંધીનો હેતુ ઉધોગપતિઓનું દેવું માફ કરવાનો છે : રાહુલ ગાંધી

કોગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ નોટબંધી અંગે વડાપ્રધાન મોદી પર નિશાન સાધતા કહયુ હતું કે તેનો મકસદ એ ઉદ્યોગપતિઓને રાહત આપવાનો છે.જેમણે બન્કોમાંથી મોટી માત્રામાં લોન લીધેલી છે.અને તેને ચુકવી શકતા નથી.વેપારીઓ અને સામાન્ય જનતાને સંબોધતા રાહુલે પીએમ મોદી પર રુપીયા ૫૦૦ અને રુપીયા ૧૦૦૦ની નોટો બંધ કરવાના પોતાના નિર્ણય અંગે સતત પોતાનું નિવેદન બદલવાનો આરોપ લગાવ્યો હતો.તેમણે નોટબંધી દ્વારા વાસ્તવમાં મોદીએ ગરીબો વિરુધ્ધ યુધ્ધ છેડ્યુ હોવાનો આરોપ લગાવ્યો હતો.

# પાકિસ્તાની કલાકારોને હાંકી કાઢવા માટે શિવસેનાએ ફરી મુદ્દો ગરમ કર્યો

શિવસેનાએ પાકિસ્તાની કલાકારોનો મુદ્દો ફરી ગરમ કર્યો છે. તેણે આ મુદ્દાને અમેરિકાના નવા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના એચ-૧બી વિઝા અંગેના નિર્ણય સાથે જોડી દીધો છે અને પ્રશ્ન કર્યો છે કે શું વડાપ્રધાન નરેન્દ્ર મોદી ટ્રમ્પને અનુસરીને સન્સ ઓફ સોઇલ(આ ધરતીના સંતાન)ના રોજગારનું રક્ષણ કરશે કે કેમ અને તેમનો રોજગાર છીનવી રહેલાં પાકિસ્તાની કલાકારો સામે પગલાં લેશે કે કેમ ?

શિવસેનાએ તેમના મુખપત્ર સામનાના તંત્રીલેખમા લખ્યું છે કે પાકિસ્તાની કલાકારો, ટેકનીશ્યનો અને ટીવી કલાકારો ભારતમાં આવીને કમાણી કરે છે. તે લોકો સ્થાનિક કલાકારોનો રોજગાર છીનવી રહ્યા છે. શું ભારત ટ્રમ્પ જેવી નીતિ અપનાવીને એવુ કહેશે કે પાકિસ્તાનીને ભારતીયોની નોકરી છીનવવવા નહીં દેવાય ? ટ્રમ્પે તાજેતરમાં કહ્યુ હતું કે ભારત સહિતના દેશોમાંથી એચ-૧બી વિઝા મેળવીને અમેરીકામાં જે લોકો કામ કરે છે તેમને અમેરિકનોની નોકરી છીનવવા નહીં દેવાય

# વિરાટ કોહલીની ઇગ્લેન્ડ સામે વિરાટ ઇનીગ્સ બેવડી સદી

વિરાટ કોહલીએ કેપ્ટન તરીકે વિરોટ ઇનિંગ રમતા ઇંગ્લેન્ડની સામે બેવડી સદી નોધાવી અને પોતાની ટીમની પકડ મજબુત બનાવી દીધી હતી.વિરાટ કોહલીએ ત્રીજી બેવડી સદી નોધાવતા ઓસ્ટ્રેલીયાના ડોન બ્રેડમેનની બરોબરી કરી હતી.માઇકલ કલાર્ક આ મામલે આગળ છે તેણે ૨૦૧૨માં ચાર વખતે બેવડી સદી નોધાવીને વિક્રમ રચ્યો હતો તે હજુ સુધી અકબંધ છે.ભારતીય કેપ્ટન તરીકે ૨૩૫ રનનો સ્કોર સહુથી ઉંચો સ્કોર છે.




**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.

શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

*ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ*

**સંપર્કઃ જહોન એમ.મેકવાન**

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


# પાંચ વર્ષમાં રુ.૨૦૦૦ની નોટ પણ બંધ થઇ જશે : ગુરુમુર્તિ

મોદી સરકારે રુ.૫૦૦ અને રુ.૧૦૦૦ની નોટ ચલણમાંથી રદ કર્યા બાદ રુ.બે હજારની નવી નોટ બજારમાં મુકી હતી. જો કે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સાથે સંકળાયેલા આર્થિક વિચારક એસ.ગુરુમુર્તિએ એવો દાવો કર્યો હતો કે આગામી પાંચ વર્ષમાં બે હજારની નોટ પણ બંધ કરી દેવાશે.તેમણે કહ્યુ હતું કે સરકારે નોટબંધીને કારણે રોકડની અછત સામે આટલી મોટી નોટ છાપવાનો નિર્ણય કર્યો હતો.જો કે આગામી પાંચ વર્ષમાં તેને પણ બંધ કરી દેવાશે.એક ટી.વી ચેનલને આપેલા ઇન્ટરવ્યુમાં ગુરુમુર્તિએ કહ્યુ કે દેશમાં ફક્ત રુ.૫૦૦ની નોટ જ સૌથી મોટી નોટ રહેશે. એટલે કે દેશનું સૌથી મોટું ચલણ રુ.૫૦૦નું હશે.મોદી સરકારે રુ.૫૦૦ અને રુ.૧૦૦૦ની નોટને ચલણમાંથી રાતોરાત રદ કરી દીધી તેના કારણે સમગ્ર દેશમાં છેલ્લા એક મહીનાથી લોકો રોકડની તંગીથી પરેશાન છે.

# 2 લાખ એટીએમ પૈકી માત્ર ૩૫ ટકાજ કાર્યરત

ભુતપુર્વ નાણાંમંત્રી પી.ચિદમ્બરમે જણાવ્યુ હતુ કે દેશમાં ૨ લાખ એટીએમ છે. જે પૈકી માત્ર ૩૫ ટકા જ કાર્યરત છે.૬૫ ટકા એટીએમ બંધ છે. હું તીરુપતિ ગયો હોત જ્યાં મોટાભાગની તમામ બેન્કોની બ્રાંચ અને એટીએમ છે.જે તમામ બંધ હતા.૧૦૦૦ નોર્થ ઇસ્ટમાં છે.૩૫૦૦ એટીએમ આસામમાં છે.બાકીના નોર્થ ઇસ્ટના બીજા રાજ્યોમાં છે.એકમાં પણ પૈસા નથી.લોકો કેવી રીતે કામ ચલાવશે.બિહાર અને ઝારખંડમાં ૨૦-૨૦કી.મી.દુર બેન્ક આવેલી છે.લોકો કેવી રીતે નોટો લેવા ત્યાં જશે.

# બોલિવુડે ફિલ્મોના પ્રમોશન માટે મનસેના આર્શિવાદ મેળવવા પડશે

બોલિવુડ માટે ફરીથી ખતરના ઘંટીઓ વાગવા માંડી.આ પહેલા કેટલાક માફીયાઓને ખંડણી આપવી પડતી હતી.કેટલાક માફીયા અંડર વલ્ડના લોકોના નાણાંનું રોકાણ ફિલ્મોમાં થતું હતું.આવી અનેક બાબતો જગ જાહેર હતી.બોલીવુડના મોટા સિતારાઓને કોઇ ને કોઇ માફીયા આકાઓ સાથે બનતું હતું. ફિલ્મી સિતારાઓ માફીયા આકાની મહેફીલોમાં નાચતા અને મુંજરા કરતા હતા.છેલ્લા કેટલાક સમયથી અંડર વલ્ડના લોકોની અંદરો અંદરની લડાઇ અને સરકારની સખ્તાઇને કારણે બોલિવુડ કંઇક અંશે શાંતિ મહસુસ કરી રહ્યુ હતું.

પરંતુ હવે નવો એક માહોલ તૈયાર થયો. જેમાં બોલિવુડની ફિલ્મો કે સંગીતમાં પરાયા દેશના લોકો હોય તો તે ફિલ્મને રીલીઝ ના કરી શકાય અને કરવી હોય તો આવા આકાઓને ત્યાં જઇને કુરનીશ બજાવવી પડે. અને તેઓની સંમતિ હોય તો તે ફિલ્મો રજુ કરી શકાય.

ખરેખર છેલ્લા કેટલાક સમયથી બનેલી ઘટનાઓ પર નજર રાખીએ તો આ એક પ્રકારની લોકો ઉપર શેહ અને સખ્તાઇ વરતવાની રીત છે.છેલ્લે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી પર આવી કવાયતમાં ભાગીદાર થયા.હવે મનસેએ રીતસર બોલીવુડના માંબાપ બનવાની પધ્ધતિ અખત્યાર કરી છે.તાજેતરમાં રઇસ ફિલ્મને રજુ થતી રોકવા માટે મનસેએ આપેલ ધમકીના કારણે શાહરુખખાન નવનિર્માણ સેનાના પ્રમુખ રાજ ઠાકરે મળી આવ્યા.બોલીવુડના સુપરસ્ટાર કીંગ ખાનને મહારાષ્ટ નવનિર્માણ સેનાના પ્રમુખ રાજ ઠાકરેએ આશ્વાસન આપ્યું છે કે તેઓ ફિલ્મ રઇશની રીલીઝ રોકશે નહી.શાહરુખે કહ્યુ હતું કે ફિલ્મનું પ્રમોશન પાકિસ્તાની અભિનેત્રી માહીરા દ્વારા કરવામાં આવશે નહી.રઇસ ફિલ્મમાં પાકિસ્તાની અભિનેત્રી માહિરાએ અભિનય આપ્યો છે.મનસે ચિત્રપટ કર્મચારી સેનાના પ્રમુખ અમેય ખોપકરે કહ્યુ હતું કે ખાને અમને જણાવ્યું હતું કે તેમની ફિલ્મની અભિનેત્રી આ ફિલ્મનું પ્રમોશન નહીં કરે, અમે આ ફિલ્મ રીલીઝ થવા અંગે વિરોધ નહી કરવાનો નિર્ણય કર્યો છે.ખરેખર હવે બોલીવુડ માટે આ ડોશી મર્યાનો ભો નથી જમ પેધ્યાનો ભો જરુરથી ઊભો થયો છે.

# 'વરદા'ના ચક્રવાતે ચેન્નાઇને અસ્તવ્યસ્ત કરી દીધું

તામિલનાડુની રાજધાની ચેન્નાઇ તેમજ આંધ્રપ્રદેશના સાગરકાંઠાના વિસ્તારો માં તેજ રફતાર સાથે ત્રાટકેલા વરદાનામના વાવાઝોડાએ જનજીવન અસ્તવ્યસ્ત બનાવી દીધું હતું.તામિલનાડુ અને આંધ્રપ્રદેશમાં તેજ ગતિથી ફુંકાયેલ પવનને કારણે વ્યાપક નુકશાન પહોચ્યું છે.ચેન્નાઇમાં ભારે વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારોમાં પુર જેવી પરિસ્થિતિ પેદા થઇ હતી.સેકડો ઝાડો મુળમાંથી ઉખડી ગયા હતા.વીજળીના થાંભલાઓ ઉખડી ગયા હતા.

ભારે પવનને કારણે વરસાદ ખેંચાઇ આવ્યો હતો અને તેને કારણે પરિસ્થિતિ બગડી હતી.તંત્રએ લોકોને બહાર નિકળવાની મનાઇ કરી હતી.વાવાઝોડાને કારણે ૭થી વધુ મોત નિપજ્યા હતા.વાવાઝોડું એટલું શક્તિશાળી હતું કે રસ્તાઓ પરના વાહનો ઊંધા પડી ગયા હતા.૧૯૯૪ પછી ચેન્નાઇના કાંઠે ત્રાટકેલું આ પહેલું વાવાઝોડું હતું.હવામાન ખાતાએ જાણ કરી હતી કે તેમની અપેક્ષા મુજબ વરદા સાગરકાંઠાને પાર કરી ગયું હતું.વાવાઝોડામાં થયેલા ભારે નુકશાનને કારણે લોકો રોડ ઉપર પડેલા ઝાડોને કાપી દુર કરવામાં સરકારી તંત્રને મદદ કરી હતી. ચેન્નાઇને પાર કરીને ગયેલું વાવાઝોડું ગોવા પરથી પસાર થશે તેવી ચેતવણી હવામાન ખાતાએ આપી હતી.


**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૯૮૯૫. ૯૭૧૪૫૧૯૮૩૬૭

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386



તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.